## ભાવનગર જિલ્લાના પાલીતાણામાંથી બે વર્ષથી ગુમ થયેલ પરણીત મહીલા તથા બાળકીને શોધી કાઢતી પાલીતાણા ટાઉન પોલીસ.

મે. જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી જયપાલસિંહ રાઠોડનાઓએ લાંબા સમયથી ગુમ થયેલ ઇસમોને શોધી કાઢવા સુચના કરેલ હોય તથા ના.પો.અધિ.શ્રી આર.ડી.જાડેજા સાહેબની સુચનાથી પો.ઇન્સ શ્રી એન.એમ.ચૌધરીની સુચના અને માર્ગદર્શન મુજબ પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશન ગુમ રજી નં- ૪૮/૨૦૧૯ તા-૧૪/૧૧/૨૦૧૯ ના રોજ જાહેર થયેલ આ કામે પરણીત મહીલા તથા તેમની દીકરી ઉ.વ.- ૨ વાળી સાથે પાલીતાણા ખાતેથી ગુમ થયા અંગેની જાહેરાત થયેલ હતી આ કામે ગુમ થનાર મહીલા તથા તેમની બાળકીને હ્યુમન સોર્સ તથા ટેકનીકલ સેલની મદદથી જેસર તાલુકાના જડકલા ગામ ખાતેથી શોધી કાઢતા પાલીતાણા ટાઉન પોલીસને લાંબા સમયથી ગુમ મહીલાને શોધી કાઢવામા સફળતા મળેલ છે.

આ કાર્યવાહીમાં પો.ઈન્સ એન.એમ.ચૌધરી સાહેબ તથા પો.હેડ.કોન્સ બી.બી.ચૌહાણ તથા પો.કોન્સ વિજયસિંહ નિર્મળસિંહ ગોહીલ, પો.કોન્સ. મયુરસિંહ કનકસિંહ ગોહીલ, પો.કોન્સ જીગ્નેશભાઇ મહેશભાઇ મારૂ, અ.પો.કો. હરેશ ઘાંઘળ તથા વુ.પો.કો. કાજલબેન મકવાણા વિગેરે કરેલ છે.